આજે માવઠા પીડિત ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરાશે

# રાજ્યમાં 17.06 લાખ ખેડૂતોને 1574.48 કરોડનું નુકસાન

**કૃષિ** વિભાગના પ્રાથમિક સરવેમાં 71.02 લાખ હેક્ટર વાવેતર પૈકી 30.92 લાખ હેક્ટર જમીનમાં 33 ટકાથી વધુ નુકસાન

**CM ભૂપેન્દ્ર** પટેલે કેબિનેટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રાહત પેકેજની તૈયારી શરૂ કરી

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે ગીર સોમનાથ સહિતના માવઠાથી અસર પામેલા જિલ્લાઓની મુલાકાત લીધી હતી. ડે. સીએમ હર્ષ સંઘવીએ સુરત જિલ્લાની અને કેબિનેટ મંત્રીઓએ પણ અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લઈ લીધા બાદ પોતાનો રિપોર્ટ સીએમ ભૂપેન્દ્ર પટેલને સુપ્રત કરી દીધો છે. જ્યારે માવઠાથી અસર પામેલા જિલ્લાઓમાં સર્વેની કામગીરી પૂર્ણ કર્યા બાદ હવે રાજ્ય સરાકર ખેડૂતો માટે રાહત પેકેજની તૈયારી કરી રહી છે, ગમે તે ઘડીએ આ રાહત પેકેજ જાહેર થઈ શકે છે.

આ પ્રત્યક્ષ મુલાકાતોને પગલે આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠકમા ડે સીએમ હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારા, મુખ્ય સચિવ એમ. કે. દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.અંજુ શર્મા, નાણાં વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી ટી.નટરાજન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે તેમજ અન્ય વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

રાજ્ય સરકારના કૃષિ વિભાગની ટીમોએ સરવે કરી નુકસાનનો અંદાજ કાઢ્યો છે. કૃષિ વિભાગના પ્રાથમિક સર્વેમાં કુલ 71.02 લાખ હેક્ટર વાવેતર વિસ્તાર પૈકી 30.92 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કરતાં વધુ નુકસાન થયાનો અંદાજ છે.

સરકારી આંકડા પ્રમાણે 16,387 ગામના 17.06 લાખ ખેડૂતોને 1574.48 કરોડનું નુક્સાન થયું હોવાનો અંદાજ છે. રાજ્ય સરકારે સરવેમાં આવરી લેવાયેલા 70 ટકા વિસ્તારમાં પ્રાથમિક ચકાસણી કર્યા બાદ આંકડો નક્કી કર્યો છે. મુખ્યમંત્રી રાહત પેકેજની આવતીકાલે બુધવારે જાહેરાત કરે તેવી શક્યતા છે. સરકારની એક એજન્સીએ અગાઉ પ્રારંભિક ત્રણ અંદાજમાં માવઠાની વ્યાપકતા જોઈને 11 હજાર કરોડનું નુકસાન થયાની સંભાવના વ્યક્ત કરી હતી.

# કોલેજોમાં ક્લાર્કની નોકરી માટે 43 જાહેરાતમાં પરીક્ષા ફી 20,000થી વધુ

**રાજ્યભરની** વિવિધ કોલેજોમાં જુનિયર, સિનિયર અને હેડ ક્લાર્કની જગ્યા માટે જાહેરાતો પ્રસિદ્ધ

**નોકરી** માટે ફાંફા મારતા ઉમેદવાર આટલા પૈસા ક્યાંથી લાવશે? કોંગ્રેસની બધી પરીક્ષા એક એજન્સી દ્વારા લેવડાવવા માંગ

અમદાવાદઃ રાજ્યની જુદી જુદી કોલેજોમાં જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની જગ્યાઓની જાહેરાત બહાર પડવામાં આવી છે. આ બધી જ જાહેરાતો માટે અલગ અલગ ફી ભરવાની અને અલગ અલગ સમય મર્યાદામાં અરજી કરવાનો જાહેરાતમાં ઉલ્લેખ કરાયો છે. તેવામાં એક જ સરખી પોસ્ટ માટે બધી પરીક્ષા એક સાથે સરકારની માન્ય એક કોઈ એજન્સી દ્વારા લેવામાં આવે તેવી પ્રદેશ કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી માગણી કરવામાં આવી છે.

પત્રમાં રજૂઆત કરવામાં આવી છે કે, રાજ્યની વિવિધ કોલેજોમાં જુનિયર ક્લાર્ક, સિનીયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની એક-બે જેટલી જગ્યાઓની જાહેરાત બહાર પાડવામાં આવી છે, આ બધી જ જાહેરાતમાં અલગ અલગ પરીક્ષા ફીનો ઉલ્લેખ છે અને અલગ અલગ બધી જ કોલેજોમાં સમય મર્યાદામાં અરજી કરવાનો ઉલ્લેખ છે. બધી જ જાહેરાતોમાં ગુજરાત રાજ્ય સરકારના નીતિ-નિયમો મૂજબ એક અથવા બે સ્ટેજમાં પરીક્ષા લેવામાં આવનાર છે.

આટલી મોટી સંખ્યામાં એક-બે જેટલી જગ્યાઓ માટે અલગ અલગ તારીખે પરીક્ષા યોજાય તેમાં રાજ્યના સરકારી નોકરી વાંચ્છુક તૈયારી કરતાં યુવાનોને ખૂબ જ અન્યાય થવાની સંભાવના છે તથા ગેરરીતિ થવાની ખૂબજ શક્યતાઓ છે.

અત્યાર સુધી 15-10-2025થી 02-11-2025 સુધી અલગ અલગ ગુજરાતની કોલેજોની 43 જેટલી જાહેરાત આવેલી છે. જેની ભરવાપાત્ર પરીક્ષા ફી ની રકમ રૂ. 20,000/-થી વધુ થાય છે. મોટાભાગની કોલેજોમાં આ ફી નોન-રીફન્ડેબલ છે.

આમ આદમી પાર્ટીની રજૂઆત બાદ ભાજપ તાલુકા પ્રમુખ ચેતન ધાનાણી વિરુદ્ધ પોલીસે ફરિયાદ દાખલ કરતા

# યુવકને ધમકાવવાના કેસમાં અમરેલી તાલુકા ભાજપ પ્રમુખનું રાજીનામું

**આપની** મહાપંચાયતમાં ગયેલા એક યુવકને કોલ કરી ધમકાવ્યો હતો, જે ઓડિયો ક્લિપ વાયરલ થતાં રાજકારણ ગરમાયું

અમદાવાદઃ અમરેલી તાલુકા ભાજપના પ્રમુખ ચેતન ધાનાણીની એક ધમકીભરી ઓડિયો ક્લિપ વાયરલ થતા તેની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદ થતા તેમજ આમ આદમી પાર્ટી દ્વાર ભારે વિરોધ કરવામાં આવતા ચેતન ધાનાણીએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

તાજેતરમાં જ આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયત બોલાવવામાં આવી હતી. આ ખેડૂત મહાપંચાયતમાં લાલાવદર ગામના કેટલાક લોકોએ હાજરી આપી હતી. જેથી અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ ગામના એક યુવકને ફોન કરી સભામાં કેમ ગયો હતો? તેવું કહી ફોન ઉપર ગાળો ધમકી આપી હતી. આ ધમકીભરી ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. આ મામલે આમ આદમી પાર્ટીના ગુજરાત એસસી સેલના પ્રમુખ જગદીશ ચાવડાએ અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી સામે વિરોધ કરી અવાજ ઉઠાવ્યો હતો અને તાત્કાલિક ભાજપના આગેવાન ચેતન ધાનાણી વિરુદ્ધ પોલીસ ફરિયાદ થાય તે માટે રજૂઆત કરી હતી. બીજી તરફ આમ આદમી પાર્ટીના એસસી સેલના પ્રમુખ જગદીશ ચાવડા સહિત એક પ્રતિનિધિ મંડળે ભાજપના આ તાલુકા પંચાયત પ્રમુખ વિરુદ્ધ મોરચો ખોલી ફરિયાદ દાખલ કરવા માંગણી કરી હતી. જેના પગલે રાજકારણ ગરમાયું હતું. આખરે ખૂબ વિરોધ થતાં અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ પોતાના હોદ્દા પરથી રાજીરામો આપી દીધું છે.

# રેર અર્થ ખનિજો બાબતમાં ચીનની દાદાગીરી તોડવાના પ્રયાસો વધી રહ્યા છે



ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એશિયાની તેમની મુલાકાત દરમિયાન રેર અર્થ ખનિજોના પુરવઠાને સુરક્ષિત કરવા માટેના શ્રેણીબદ્ધ કરારો પર હસ્તાક્ષર કર્યા છે, જેના પર અગાઉ ચીનનું વર્ચસ્વ હતું. ચીનની દાદાગીરી પછી અમેરિકાને ખ્યાલ આવી ગયો છે કે આધુનિક ટેકનોલોજી માટે રેર અર્થ ખનિજો પર કન્ટ્રોલ જરૂરી છે. જાપાન, મલેશિયા, થાઈલેન્ડ, વિયેતનામ અને કંબોડિયા સાથે થયેલા વિવિધ કરારો સ્વરૂપમાં ભિન્ન છે અને તેમની વાસ્તવિક અસરનું મૂલ્યાંકન કરવું હજુ ખૂબ જ વહેલું છે. આ બધાનો ઉદ્દેશ ઇલેક્ટ્રિક વાહનોથી લઈને સ્માર્ટફોન સુધી આધુનિક ઉદ્યોગો માટે મહત્ત્વપૂર્ણ ખનિજોના પુરવઠામાં વૈવિધ્ય લાવવાનો છે. ચીનના નેતા શી જિનપિંગ સાથેની મહત્ત્વપૂર્ણ બેઠક પહેલાં થયેલા આ કરારોનો હેતુ અમેરિકા સાથે વેપાર માટે ભાગીદારોને તૈયાર કરવાનો છે અને રેર અર્થ બાબતમાં ચીન પર નિર્ભરતા ઘટાડવાનો છે.

હાલમાં ચીન વિશ્વના લગભગ ૭૦ ટકા દુર્લભ પૃથ્વી ખનિજોનું પ્રોસેસિંગ કરે છે, જે રાષ્ટ્રપતિ શી જિનપિંગને અમેરિકા સાથેના વેપારયુદ્ધમાં નોંધપાત્ર લાભ આપે છે. તાજેતરના મહિનાઓમાં ચીને આ રેર અર્થ ખનિજો પર નિકાસનાં નિયંત્રણો કડક કર્યાં છે, જેના કારણે બંને દેશોને ટેરિફ અને અમેરિકામાં TikTok ની કામગીરી કરવાની ક્ષમતા સહિત અનેક મુદ્દાઓ પર કરાર પર પહોંચવાની ફરજ પડી છે. આ નિયંત્રણોએ અમેરિકા, યુરોપ અને એશિયાનાં ઉત્પાદન-કેન્દ્રોમાં ચિંતા વધારી છે અને સંકેત આપ્યો છે કે તણાવપૂર્ણ અમેરિકા-ચીન સંબંધો વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને નબળી બનાવી રહ્યાં છે. ચીનની બહાર દુર્લભ પૃથ્વી ખનિજોની વિશ્વની સૌથી મોટી સપ્લાયર ઓસ્ટ્રેલિયન કંપની લિનાસ રેર અર્થ્સ તેના શુદ્ધિકરણ માટે મલેશિયા પર આધાર રાખે છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ત્યાં તેને અનેક નિયમનકારી અવરોધોનો સામનો કરવો પડ્યો છે. તાજેતરમાં જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે રોકાણના સોદા કરીને અમેરિકાએ દુર્લભ પૃથ્વી ખનિજોના પુરવઠા પર વધુ નિયંત્રણ મેળવ્યું છે. પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં ડિઝાઇનથી લઈને ઉત્પાદન સુધી વર્ષો લાગી શકે છે. ઓસ્ટ્રેલિયા લાંબા સમયથી દુર્લભ પૃથ્વીનું ઉત્પાદન વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ તેના કોઈ પણ પ્લાન્ટ હજુ સુધી કાર્યરત થયા નથી.

ભારત દુર્લભ પૃથ્વી ખનિજના ઉત્પાદનમાં એક મોટું પગલું ભરવા માટે તૈયાર છે. કેન્દ્ર સરકાર આ ક્ષેત્ર માટેના તેના પ્રોત્સાહન કાર્યક્રમને લગભગ ત્રણ ગણો વધારીને ૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ કરવાની યોજના ધરાવે છે. આ યોજના હાલમાં કેબિનેટની મંજૂરીની રાહ જોઈ રહી છે. તેનો ઉદ્દેશ ઇલેક્ટ્રિક વાહનો, નવીનીકરણીય ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્ર માટે જરૂરી દુર્લભ પૃથ્વી ચુંબકોની સ્થાનિક ઉત્પાદન-ક્ષમતા વધારવાનો છે. હાલમાં, વિશ્વના લગભગ ૯૦ ટકા દુર્લભ પૃથ્વી ખનિજોની ચીનમાં પ્રક્રિયા કરવામાં આવે છે. તાજેતરમાં અમેરિકા સાથેના વેપારવિવાદને કારણે ચીને નિકાસ નિયંત્રણો કડક કર્યાં છે, જેના કારણે વૈશ્વિક પુરવઠા પર અસર પડી છે.

ભારત સરકારની નવી યોજના હેઠળ લગભગ પાંચ કંપનીઓને દુર્લભ પૃથ્વી ખનિજ ઉત્પાદન સંલગ્ન મૂડી અને સબસિડી બંનેનો લાભ મળશે. જો કે, નિષ્ણાતો માને છે કે ભારત હજુ પણ આ ક્ષેત્રમાં મર્યાદિત ભંડોળ, તકનીકી કુશળતા અને લાંબી પ્રોજેક્ટ સમયમર્યાદા જેવા ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે, જેમ કે રાજ્યોની માલિકીની કંપનીઓ હાલમાં વિદેશમાં ખાણકામમાં ભાગીદારી સ્થાપિત કરવા માટે પ્રારંભિક પગલાં લઈ રહી છે. હાલમાં ચીન આ ક્ષેત્રમાં સૌથી વધુ તકનીકી જ્ઞાન ધરાવે છે. વધુમાં, દુર્લભ પૃથ્વી ધાતુઓનું ખાણકામ પર્યાવરણીય રીતે પડકારજનક માનવામાં આવે છે, કારણ કે તેમાં કિરણોત્સર્ગી તત્ત્વો હોય છે. ભારતની વાર્ષિક માંગ આશરે ૨,૦૦૦ મેટ્રિક ટન ઓક્સાઇડની છે, જેને વૈશ્વિક ઉત્પાદકો સરળતાથી પૂરી કરી શકે છે. સરકારને આશા છે કે આ વિસ્તૃત યોજના વિદેશી કંપનીઓને ભારતમાં રોકાણ કરવા આકર્ષિત કરશે, જેનાથી ચીન પરની નિર્ભરતા ઓછી થશે અને ભારતના સ્થાનિક ઉદ્યોગને વેગ મળશે. ૨૦૨૩ માં ચીને વિશ્વના દુર્લભ પૃથ્વી ખનિજોના ૭૦ ટકા અથવા ૨૧૦,૦૦૦ ટનનું ઉત્પાદન કર્યું હતું, જ્યારે ભારતનો ફાળો ૧ ટકા કરતાં ઓછો હતો. ત્યાર બાદ અમેરિકા ૧૪ ટકા, મ્યાનમાર ૧૧ ટકા અને ઓસ્ટ્રેલિયા ૭ ટકા હિસ્સો ધરાવે છે. ચીને તેની સપ્લાય ચેઇનમાં વિક્ષેપ પાડ્યા બાદ ભારતે થોડા મહિના પહેલાં રેર અર્થ મેગ્નેટના વિકલ્પો શોધવાનું શરૂ કર્યું હતું. આ પહેલના ભાગ રૂપે દેશમાં રેર અર્થ મિનરલ પ્રોસેસિંગ યુનિટો સ્થાપિત કરવા અને સપ્લાય ચેઇન વિકસાવવા માટે કામ ચાલી રહ્યું છે. આ વર્ષે એપ્રિલમાં ચીને સપ્લાય પર પ્રતિબંધ લાદ્યો ત્યારથી વૈશ્વિક સ્તરે રેર અર્થ ખનિજોની અછત ઊભી થઈ છે. ભારતે સૌ પ્રથમ ગંભીરતાથી રેર અર્થ મેગ્નેટ મેન્યુફેક્ચરિંગ પર વિચાર કર્યો હતો, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ મહત્ત્વપૂર્ણ ખનિજોને શસ્ત્ર બનાવવા સામે ચીનને ચેતવણી આપી હતી. ત્યારથી ભારત દુર્લભ પૃથ્વી ચુંબક અને દુર્લભ પૃથ્વી ખનિજો માટે ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે કામ કરતા દક્ષિણ એશિયાઈ દેશોની હરોળમાં જોડાયું છે. સરકારી સહાય વિના ભારતની કંપનીઓ માટે આ લક્ષ્ય પ્રાપ્ત કરવું મુશ્કેલ હતું. તેથી, કેન્દ્ર સરકારે આવી કંપનીઓને નાણાંકીય સહાય પૂરી પાડવાનું નક્કી કર્યું છે. મલેશિયા, થાઇલેન્ડ, વિયેતનામ અને કંબોડિયા બધાએ દુર્લભ પૃથ્વી ખનિજો અને નિકાસ નિયમોમાં અમેરિકાની પહોંચ વધારવા સંમતિ આપી છે, જે ચીની કંપનીઓ કરતાં અમેરિકી ખરીદદારોની તરફેણ કરશે. આમાં અમેરિકામાં શિપમેન્ટને અવરોધિત ન કરવાનું અને બિન-ચીની કંપનીઓમાં રોકાણને પ્રોત્સાહન આપવાનું વચન સામેલ છે. મલેશિયા અને થાઇલેન્ડ સાથેના કરારો ફક્ત સમજૂતીપત્રો છે. શું આ કરારો આ દેશોમાં રાજકીય પરિવર્તનોમાં ટકી શકશે? બીજો એક મુખ્ય પ્રશ્ન જેનો ઉકેલ આવ્યો નથી તે ખાસ કરીને સંભવિત પર્યાવરણીય નુકસાનને ધ્યાનમાં રાખીને નિયમન છે. દુર્લભ પૃથ્વી ખનિજોના કિસ્સામાં માત્ર ખાણકામ જ નહીં પરંતુ તેની સમગ્ર પ્રક્રિયા પણ પર્યાવરણને દૂષિત કરી શકે છે. જમીનમાંથી તેમને કાઢવાની અને શુદ્ધ કરવાની પ્રક્રિયા કિરણોત્સર્ગી ઘટકો ઉત્પન્ન કરે છે. ચીનમાં તેની અસર સારી રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવી છે, પરંતુ અન્ય દેશો આ ઉદ્યોગને સરળતાથી અપનાવી શકશે નહીં. ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને યુરોપ જેવા પ્રદેશોમાં નવી ખાણો અને પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવાનો ખર્ચ ચીન કરતાં નોંધપાત્ર રીતે વધારે હશે, કારણ કે તેમાં કડક પર્યાવરણીય નિયમો અને મોંઘી મજૂરીનો સમાવેશ થાય છે. જાપાનમાં ૫૫૦ અબજ ડોલરના અમેરિકી રોકાણ માટે જાપાન અગાઉ સંમત થયું હતું, તે આ દુર્લભ પૃથ્વી ખનિજોના સોદાનો ભાગ હશે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી હોવર્ડ લુટનિક તેમની આગામી જાપાન મુલાકાત દરમિયાન જાપાની કંપનીઓ સાથે વિગતો શેર કરી શકે છે. આ અમેરિકા-ચીન વેપાર યુદ્ધમાં એક વળાંક સાબિત થઈ શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના એશિયા પ્રવાસ પહેલાં ઓસ્ટ્રેલિયા સાથે ૮.૫ અબજ ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેથી ચીનની બહાર દુર્લભ પૃથ્વી ખનિજોની પ્રક્રિયામાં ઔદ્યોગિક સહયોગને સરળ બનાવી શકાય. તે સમયે ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે કહ્યું હતું કે આવતા વર્ષમાં અમારી પાસે એટલા બધા દુર્લભ ખનિજો હશે કે તમને ખબર નહીં પડે કે તેમનું શું કરવું. ત્યાર બાદ તેમણે જાહેરાત કરી કે તેમની કિંમત ફક્ત ૨ ડોલર હશે. ડોનાલ્ડ ટ્રમ્પનો અંદાજ છે કે પુરવઠો વધવાથી કિંમત ઘટશે. ઓસ્ટ્રેલિયા ચોક્કસપણે મહત્ત્વપૂર્ણ ખનિજોની શોધમાં અમેરિકાનો એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. ઘણી કંપનીઓ અહીં પહેલેથી જ રિફાઇનરીઓ બનાવી રહી છે, જેમાં ઇલુકા રિસોર્સિસનો પણ સમાવેશ થાય છે, જેણે આ વર્ષની શરૂઆતમાં જણાવ્યું હતું કે સરકારી સહાય વિના તે લગભગ અશક્ય હશે. આ કરારમાં બંને પક્ષો દુર્લભ પૃથ્વીના પુરવઠા અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થાય છે, જેમાં દુર્લભ પૃથ્વીના સંકલિત રોકાણ અને સંગ્રહ માટેની યોજનાઓ તેમજ પુરવઠા સંબંધિત સમસ્યાઓનું સંચાલન કરવા માટે ઝડપી પ્રતિભાવ જૂથની રચનાનો સમાવેશ થાય છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભારત સરકારની નવી યોજના હેઠળ લગભગ પાંચ કંપનીઓને દુર્લભ પૃથ્વી ખનિજ ઉત્પાદન સંલગ્ન મૂડી અને સબસિડી બંનેનો લાભ મળશે**

## BUSINESS મિત્ર

સારા આર્થિક ડેટા વચ્ચે પણ વીકલી એક્સપાયરીએ શેરબજારમાં કડાકો

# નિફ્ટીએ 25600 પોઇન્ટની સપાટી તોડી

**ગુરૂનાનક** જયંતિના પગલે શેરબજાર આજે બંધ રહેશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 4:** ભારતીય શેરબજારમાં આજે ચોતરફી વેચવાલી જોવા મળી હતી. મેક્રો ઈકોનોમી ડેટા સારા આવ્યા છતાં વીકલી એક્સપાયરીના પગલે વેચવાલી હાવી રહી હતી અને મોટા ભાગના સેકટરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ 25600ની સપાટી પણ તોડી નાંખી હતી. સેન્સેક્સમાં પણ 500 પોઈન્ટથી વધુનો કડાકો બોલાયો હતો. આવતીકાલે ગુરૂનાનક જયંતિના પગલે શેરબજાર બંધ રહેશે.

સન ફાર્મા, બ્રિટાનીયા અને ગ્રાસીમ ઈન્ડ.ના બીજા કવાર્ટરના પરિણામો ઉપર બજારની નજર રહેશે, જે આવતીકાલે રજૂ થશે. સેકટર વાઈઝ જોઈએ તો કન્ઝયુમર ડયુરેબલને બાદ કરતા તમામ સેકટર લાલ નિશાનમાં ટ્રેડ કરતા જોવા મળ્યા હતા. જેમાં મેટલ અને આઈટી તેમજ ઓટો સેકટરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો.

ફેડરલ રિઝર્વ તરફથી વ્યાજદર અંગેના મિશ્ર સંકેતો બાદ ભારત અને અમેરિકા વચ્ચેના ટ્રેડ ડીલ અંગેની અનિશ્ચિતતાના કારણે રોકાણકારો પણ સાવચેત દેખાયા હતા. જેના લીધે બીએસઇ માર્કેટ કેપ રૂ. 2.72 લાખ કરોડ ઘટ્યું હતું. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ઘટીને રૂ. 469.79 લાખ કરોડ પર પહોંચી ગઇ હતી.

બીએસઇ સેન્સેક્સ 519.34 પોઈન્ટ એટલે કે 0.62 ટકા ઘટીને 83459.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84000 પોઈન્ટની સપાટી કુદાવીને 84068 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 83412.77 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 165.70 પોઈન્ટ એટલે કે 0.64 ટકા ઘટીને 25597.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25787 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25578 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 274.40 પોઈન્ટ એટલે કે 0.47 ટકા ઘટીને 57827.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે થ્રીએમ ઈન્ડિયા 40.03 ગણા, જેકે લક્ષ્મી સિમેન્ટ 29.01 ગણા, હિટાચી એનર્જી 27.14 ગણા, ટીબીઓ ટેક 5 ગણા અને સીટી યુનિયન બેન્ક 4.9 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટીબીઓ ટેક 57.37 ગણા, થ્રીએમ ઈન્ડિયા 33.78 ગણા, જ્યોતિ સીએનસી 11.37 ગણા, સીટી યુનિયન બેન્ક 11.18 ગણા, બ્લુ જેટ હેલ્થકેર 9.77 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ નરમાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.26 ટકા ઘટ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.69 પોઈન્ટ ઘટીને નરમ બંધ રહ્યો હતો. માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1619 શેરો વધ્યા હતા, જ્યારે 2540 શેરો ઘટ્યા હતા અને 177 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.44 ટકા ઘટ્યો હતો. જેમાં વેલસ્પન કોર્પ, હિન્દુસ્તાન કોપર, અદાણી એન્ટર, નેલ્કો, એનએમડીસી, હિન્દાલ્કો, ટાટા સ્ટીલ, હિન્દુસ્તાન ઝીંક, જિન્દાલ સ્ટેનલેસ અને જેએસડબલ્યુ સ્ટીલ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે રોકાણારો ફિલિપ્સ, ગેબેરિટ, એસોસીએટેડ બ્રિટીશ ફુડસ અને ફેરારીના ત્રીજા કવાર્ટરના પરિણામોની રાહ જોતા આજે યુરોપિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી, જે પરિણોની રાહ જોવાઇ રહી છે. એશિયન બજારો નીચા સ્તરે બંધ રહ્યા હતા. વોલસ્ટ્રીટની ટેક આગેવાની હેઠળની તેજીથી રાતોરાત અલગ દિશામાં આગળ વધ્યા હતા. ઓસ્ટ્રેલિયાની સેન્ટ્રલ બેન્ક 3.60 ટકા વ્યાજદર ધરાવે છે. તેણે આ વર્ષે ફેબ્રુઆરી, મે અને ઓગસ્ટમાં ત્રણ વખત નીતિમાં છૂટછાટ આપી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.53 ટકા, કેક 1.04 ટકા અને ડેક્સ 1.21 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.78 ટકા, સ્ટ્રેઈટસ 0.49 ટકા, હેંગસેંગ 0.79 ટકા, તાઈવાન 0.78 ટકા, કોસ્પી 2.43 ટકા, જકાર્તા 0.40 ટકા અને શાંઘાઈ 0.41 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં રીકવરી જોવા મળી

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. ગઇકાલે સેન્ટ્રલ બેન્કો દ્વારા ડોલર વેચવામાં આવ્યા હતા. જેની પાછળ ડોલરમાં પીછેહઠ જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 13 પૈસા સુધરીને 88.66ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.79ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 101.90, પાઉન્ડ 115.14, કેનેડિયન ડોલર 62.87, ઓસ્ટ્રેલિયન ડોલર 57.62, જાપાનીઝ યેન 0.5781, સીંગાપોર ડોલર 67.67ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 88.66 રૂ. |
| યુરો | 101.90 રૂ. |
| પાઉન્ડ | 115.14 રૂ. |
| યેન | 0.5781 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -519.34 | 83459.15 |
| નિફ્ટી | -165.65 | 25597.65 |
| બેન્ક નિફ્ટી | -274.40 | 57827.05 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.39 | 3813.50 |
| ભારતી એરટેલ | 1.89 | 2113.30 |
| બજાજ ફાઇનાન્સ | 1.33 | 1057.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.91 | 3581.20 |
| HDFC લાઇફ | 0.88 | 742.45 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 3.11 | 279.05 |
| કોલ ઇન્ડિયા | 2.83 | 377.55 |
| ઇટર્નલ | 2.82 | 313.50 |
| ટીએમપીવી | 2.52 | 406.50 |
| ઓએનજીસી | 2.02 | 252.25 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.28 | 3812.85 |
| ભારતી એરટેલ | 1.89 | 2112.90 |
| બજાજ ફાઇનાન્સ | 1.16 | 1055.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.93 | 3581.55 |
| એસબીઆઇ | 0.72 | 957.05 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 3.13 | 279.00 |
| ઇટર્નલ | 2.79 | 313.45 |
| ટીએમપીવી | 2.53 | 406.50 |
| ટાટા સ્ટીલ | 1.86 | 179.25 |
| મારૂતિ સુઝુકી | 1.76 | 15370.45 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૭૫/૩૬ ” | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૩૬ ” | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ ” | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૨૩૬૭૦ |
| તેજાબી સોનું | ૧૨૩૫૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૧૭૪૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૨૧૨૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૨૩૬૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૫૦૦૨૦ |
| ચાંદી સિક્કા | ૧૫૧૫૨૦ |

# હવે હવાઇ મુસાફરો ચાર્જ વગર ટિકિટ રદ કે સુધારી શકાશે

**ડીજીસીએએ** નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર કર્યો, તબીબી કટોકટી પર રિફંડ ઉપલબ્ધ થશે

નવી દિલ્હી, તા. 4: ડીજીસીએએ નવા ડ્રાફ્ટ નિયમો જાહેર કર્યા છે. આમાં ઘણા નિયમો શામેલ છે જે હવાઈ મુસાફરોને રાહત આપે છે. મુસાફરોને ટિકિટ બુક કરાવ્યાના 48 કલાકની અંદર કોઈ વધારાના ચાર્જ વિના તેમની ટિકિટ રદ અથવા સુધારવાની મંજૂરી આપવી જોઈએ.

ડીજીસીએએ સ્પષ્ટ કર્યું છે કે જો ટિકિટ થર્ડ પાર્ટી વિક્રેતા પાસેથી ખરીદવામાં આવે તો પણ રિફંડની જવાબદારી આખરે એરલાઇનની રહેશે. આ રિફંડ 21 દિવસની અંદર પૂર્ણ કરવું આવશ્યક છે.

ડીજીસીએએ મુસાફરોની ફરિયાદો અને રિફંડમાં વિલંબને ધ્યાનમાં રાખીને આ દરખાસ્ત કરી છે. નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓમાં સુધારા હેઠળ આ ડ્રાફ્ટ ડીજીસીએની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવ્યો છે. નિયમનકારે ૩૦ નવેમ્બર સુધીમાં આ અંગે તમામ હિસ્સેદારો પાસેથી પ્રતિસાદ માંગ્યો છે.

ડ્રાફ્ટ મુજબ એરલાઈન્સે મુસાફરોને લુક-ઈન વિકલ્પ આપવો પડશે. આ તેમને કોઈ ચાર્જ વિના ખરીદીના 48 કલાકની અંદર ટિકિટ રદ અથવા બદલવાની મંજૂરી આપે છે. આ સુવિધા માત્ર તે ટિકિટ પર જ લાગુ થશે જે એરલાઇનની વેબસાઇટ પરથી સીધી બુક કરવામાં આવી છે. ઉપરાંત, ડોમેસ્ટિક ફ્લાઇટ્સ માટે ફ્લાઇટના ઓછામાં ઓછા 5 દિવસ પહેલા અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે 15 દિવસ પહેલા બુકિંગ કરાવવું આવશ્યક છે. આ સમય દરમિયાન, મુસાફરો કોઈપણ દંડ વિના ટિકિટ રદ અથવા સુધારણા કરી શકશે. જોકે, જો નવી ફ્લાઇટનું ભાડું વધારે છે, તો તેને વળતર આપવું પડશે.

ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું છે કે જો ટિકિટ ટ્રાવેલ એજન્ટ અથવા ઓનલાઈન પોર્ટલ દ્વારા બુક કરવામાં આવે છે, તો રિફંડની જવાબદારી હજી પણ એરલાઇન પર રહેશે, કારણ કે એજન્ટોને તેમના અધિકૃત પ્રતિનિધિ માનવામાં આવશે.

ડીજીસીએએ એ પણ પ્રસ્તાવ મૂક્યો છે કે જો કોઈ મુસાફરને બુકિંગના 24 કલાકની અંદર તેના નામમાં જોડણીની ભૂલ જોવા મળે છે, તો એરલાઇને સુધારણા માટે કોઈ વધારાની ફી લેવી જોઈએ નહીં. આ સુવિધા ત્યારે જ લાગુ થશે જ્યારે ટિકિટ સીધી એરલાઇનની વેબસાઇટ પરથી બુક કરવામાં આવશે.

ડ્રાફ્ટમાં એમ પણ ઉમેરવામાં આવ્યું છે કે જો કોઈ મુસાફર મેડિકલ ઈમરજન્સીને કારણે ટિકિટ રદ કરે છે, તો એરલાઈન તેને રિફંડ આપી શકે છે અથવા તેટલી જ રકમનું ક્રેડિટ શેલ આપી શકે છે. એર ઈન્ડિયાના પૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર જિતેન્દ્ર ભાર્ગવે જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધા માટે આવા પગલા લેવામાં આવી રહ્યા છે. જોકે, તે જોવું જરૂરી રહેશે કે આ નિયમો કેટલા વ્યવહારૂ છે અને તે એરલાઈન્સને નુકસાન પહોંચાડશે કે નહીં.

# અદાણી એન્ટરપ્રાઇઝ રાઈટ ઈશ્યુ લાવશે

**25000** કરોડ એકત્ર કરશે

**રાઇટ્સ** ઇશ્યૂની જાહેરાત બાદ અદાણી એન્ટરપ્રાઇઝનો શેર લગભગ 2 ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો

મુંબઇ, તા. 4: અદાણી ગ્રુપની હોલ્ડિંગ કંપની અદાણી એન્ટરપ્રાઇઝે રાઈટ્સ ઈશ્યૂ દ્વારા 25000 કરોડ રૂપિયા એકત્ર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કંપનીએ નાણાકીય વર્ષ 2026ના બીજા ક્વાર્ટરના પરિણામોની સાથે આ જાહેરાત કરી છે. બીજા ક્વાર્ટરમાં અદાણી એન્ટરપ્રાઈઝનો નફો એક વખતના વધારાને કારણે રૂ.3583 કરોડ રહ્યો હતો અને વાર્ષિક ધોરણે ચોખ્ખો નફામાં 84 ટકાનો વધારો જોવા મળ્યો હતો. અદાણી ગ્રુપની સૌથી અગ્રણી કંપનીના બોર્ડે ઈન્ક્યુબેશનના આગામી તબક્કાને ટેકો આપવા અને બેલેન્સશીટને વધુ મજબૂત કરવા માટે રાઈટ્સ ઈશ્યૂ દ્વારા 25000 કરોડ રૂપિયા એકત્ર કરવાની મંજૂરી આપી છે. તે જ સમયે, નાણાકીય વર્ષ 2026ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક 6 ટકા ઘટીને 21249 કરોડ રૂપિયા થઈ છે, જે નાણાકીય વર્ષ 2025ના બીજા ત્રિમાસિક ગાળામાં 22608 કરોડ રૂપિયા હતી. આ પરિણામો અને રાઈટ્સ ઈશ્યૂની જાહેરાત બાદ અદાણી એન્ટરપ્રાઈઝનો શેર લગભગ 2 ટકાના ઘટાડા સાથે 2419.80 રૂપિયા પર બંધ થયો હતો. વાસ્તવમાં, રાઈટ્સ ઈશ્યૂ એ કંપની માટે તેના હાલના શેરહોલ્ડરોને ડિસ્કાઉન્ટ ભાવે નવા શેર આપીને નાણાં એકત્ર કરવાની એક રીત છે. આ સાથે, હાલના શેરહોલ્ડરો બજાર કિંમત કરતા ઓછા ભાવે શેર ખરીદી શકે છે.